

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 230
Dt.: 02-05-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

ભારતની તિજોરી છલકાઈ

# એપ્રિલમાં GST કલેક્શન ૨.૪૩ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે

## ગયા વર્ષે એટલે કે એપ્રિલ ૨૦૨૫માં GST કલેક્શન ૨.૨૩ લાખ કરોડ નોંધાયું હતુંઃ તેની સરખામણીમાં આ વર્ષે ૮.૭%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
જ્યારે આખું વિશ્વ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના તણાવને કારણે આર્થિક મંદીની આશંકા સેવી રહ્યું છે, ત્યારે ભારતે આર્થિક મોરચે શાનદાર પ્રદર્શન કર્યું છે. શુક્રવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, એપ્રિલ ૨૦૨૬માં ભારતનું કુલ જીએસટી (GST) કલેક્શન ૨.૪૩ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. આ આંકડો ભારતીય અર્થતંત્રની મજબૂત ગતિ અને વ્યવસાયિક સ્થિરતાનો પુરાવો આપે છે.

ગયા વર્ષે એટલે કે એપ્રિલ ૨૦૨૫માં GST કલેક્શન ૨.૨૩ લાખ કરોડ નોંધાયું હતું. તેની સરખામણીમાં આ વર્ષે ૮.૭%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રીફંડની ચૂકવણી બાદ જો ચોખ્ખી GST આવકની વાત કરીએ તો તે ૨.૧૧ લાખ કરોડ રહી છે, જે ગયા વર્ષ કરતા ૭.૩% વધુ છે. નોંધનીય છે કે એપ્રિલ મહિનામાં જે કલેક્શન થાય છે તે વાસ્તવમાં માર્ચ મહિનાની આર્થિક પ્રવૃત્તિઓ દર્શાવે છે.ડેટાના વિશ્લેષણ મુજબ, આ વર્ષે કુલ વૃદ્ધિમાં વિદેશી વેપારનો ફાળો ઘણો મોટો રહ્યો છે. આયાત પરના GSTમાંથી થતી આવકમાં ૨૫.૮%નો મોટો ઉછાળો આવ્યો છે, જે વધીને ૫૭,૫૮૦ કરોડ થઈ છે. જ્યારે સ્થાનિક વ્યવહારોમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૪.૩% વધીને ૧.૮૫ લાખ કરોડ નોંધાઈ છે. આ આંકડા સૂચવે છે કે સ્થાનિક માંગની સાથે સાથે ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર પણ વેગ પકડી રહ્યો છે. આ રેકોર્ડબ્રેક કલેક્શન એવા સમયે આવ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં 'ભડકો' થયો છે. ૩૦ એપ્રિલ સુધીમાં બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ $૧૨૬ ને પાર કરી ગયું હતું. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકેબંધી અને સપ્લાય ચેઈનમાં અવરોધ છતાં ભારતની આર્થિક પ્રગતિ વણથંભી રહી છે.

સરકાર દ્વારા રીફંડની પ્રક્રિયામાં પણ તેજી જોવા મળી છે. કુલ રીફંડ ૧૯.૩% વધીને ૩૧,૭૯૩ કરોડ ચૂકવવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે, નવા નાણાકીય વર્ષની આ શરૂઆત અત્યંત આશાસ્પદ છે અને તે આગામી સમયમાં ભારતની GDP વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ રેકોર્ડ કલેક્શનથી સરકારને વિકાસલક્ષી યોજનાઓ માટે વધુ નાણાકીય બળ મળશે.




LPGમાં ભાવ વધારા મુદ્દે રાહુલ ગાંધીએ સરકારને ઘેરી

# પહેલી સ્ટ્રાઈક ગેસ પર, હવે પેટ્રોલ-ડીઝલનો વારો : કોંગ્રેસ

## આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થતાંની સાથે જ મોંઘવારીનો મોટો વિસ્ફોટ થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે.

આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. હવે આ મામલે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારીને લઈને કેન્દ્ર સરકાર પર આકરા હુમલા કર્યા છે.રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, તેમણે ચૂંટણી બાદ મોંઘવારી વધવાની અગાઉથી ચેતવણી આપી હતી અને હવે તેવું જ થયું છે. તેમણે કહ્યું, આજે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા વધી ગયા છે. એક દિવસમાં આટલો બધો ભાવ વધારો કરાયો હોય તેવું પહેલીવાર બન્યું છે. તેમણે આ ભાવવધારાને 'ચૂંટણી બિલ' ગણાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વધુમાં લખ્યું છે કે, 'ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૩૮૦ રૂપિયાનો વધારો થયો છે. એટલે કે માત્ર ત્રણ મહિનામાં કિંમત ૮૧ ટકા વધારાઈ છે. આ વધારાની અસર ચાની દુકાન, હોટલ, બેકરી અને મિઠાઈ સહિતની દુકાનો પર પડશે. આ જ કારણે સામાન્ય લોકોનું ભોજન મોંઘી થઈ જશે. ગેસ બાદ પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો થઈ શકે છે.' તેમણે કટાક્ષ કર્યો છે કે, પહેલા ગેસ પર સ્ટ્રાઈક કરવામાં આવી, હવે પેટ્રોલ-ડીઝલ પર સ્ટ્રાઈગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કે, દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂરી થયા બાદ સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો વધારો કર્યો છે. જોકે, રાહતની વાત એ છે કે ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ભાવમાં થયેલા વધારા બાદ દિલ્હીમાં હવે એક સિલિન્ડરની કિંમત ૩૦૭૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ ૧ એપ્રિલના રોજ ૨૦૭૮.૫૦ રૂપિયા હતી. આ વધારાની સાથે જ હવે દેશભરમાં રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થઈ જશે. રાંધીને ખાવાની વસ્તુઓના ભાવમાં પણ તોતિંગ વધારો આવશે. આ ઉપરાંત સ્ટ્રીટ ફૂડના ભાવ પણ વધી શકે છે. ગેસના ભાવમાં વધારા પાછળ અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ મુખ્ય કારણ માનવામાં આવે છે. હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બ્લોક હોવાને કારણે ભારત માટે ગેસ અને તેલનો પુરવઠો ખોરવાયો છે. પુરવઠામાં ઘટાડો અને અન્ય સ્થળોએથી આયાત વધારવાને કારણે વધારાની પડતર કિંમતનો બોજ ગ્રાહકો પર આવ્યો છે.

કોમર્શિયલ ગેસ મોંઘો થવાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડના ભાવમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે, જેનાથી સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે.

સોગંદનામા સાથે વિલંબના કારણો રજૂ કરવા સુપ્રીમ કોર્ટની તાકીદ

# હવાઈ ભાડામાં આસમાની વધઘટ અંગે કેન્દ્ર સુપ્રીમમાં સોગંદનામુ રજૂ કરી શકતી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
હવાઈ મુસાફરીના ભાડા તથા અન્ય સવલતોમાં અતિશય વધ-ઘટને અંકુશમાં રાખવા કેન્દ્ર સરકાર પ્રયાસ કરી રહી છે, પરંતુ પોતાનું આ વલણ ઉચિત ઠેરવવામાં સરકાર અગમ્ય કારણોસર વિલંબ કરી રહી છે. હવાઈ ભાડામાં વધ-ઘટ અયોગ્ય શા માટે છે? તેવું જણાવતું સોગંદનામુ રજૂ કરવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપેલા છે. અગાઉ ત્રણ મુદતમાં કેન્દ્ર સરકારે સોગંદનામુ રજૂ કર્યુ ન હતું. તાજેતરમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સોગંદનામા અંગે પૃચ્છા કરતાં સરકાર તરફથી વધુ ત્રણ અઠવાડિયાનો સમય માગવામાં આવ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મેહતાની બેન્ચે કેન્દ્ર સરકારના આ વલણ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને સોગંદનામુ રજૂ કરવા માટે વધુ સમય માગવાના કારણો પણ રજૂ કરવા નિર્દેશ આપ્યા છે. સામાજિક કાર્યકર એસ લક્ષ્મીનારાયણની અરજી સંદર્ભે સુનાવણી દરમિયાન ગત વર્ષે ૧૭ નવેમ્બરે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર તથા અન્યો પાસે પ્રતિભાવ માગ્યા હતા. અરજીમાં હવાઈ ભાડામાં પારદર્શિતા તથા મુસાફરોના હિતના રક્ષણ માટે સ્વતંત્ર નિયામકની નિમણૂક માટે દાદ માગવામાં આવી હતી. ગુરુવારે અરજીની સુનાવણી દરમિયાન અરજદાર તરફથી રજૂઆત થઈ હતી કે, કેન્દ્ર સરકારે હજુ જવાબ રજૂ કર્યો નથી. કેન્દ્ર તરફથી જણાવાયું હતું કે, મધ્ય પૂર્વના દેશોમાં વર્તમાન સ્થિતિના કારણે વિલંબ થઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રના વલણ સામે સખત નારાજગી વ્યક્ત કરતાં પૂછ્યુ હતું કે, આ શું થઈ રહ્યું છે? સોગંદનામુ રજૂ કરતા સરકારને કઈ બાબત અટકાવે છે. કેન્દ્ર સરકાર આ મામલે નિયમો ઘડવા વિચારી રહી હોવાની રજૂઆત થઈ હતી, પરંતુ સુપ્રીમે સોગંદનામા સાથે હકીકતો રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા. સોગંદનામામાં સરકારના વલણ અંગે સ્પષ્ટતા કરવા ત્રણ અઠવાડિયાનો સમય માગવામાં આવ્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે એક અઠવાડિયાનો સમય આપ્યો હતો. તથા સોગંદનામા સાથે વિલંબના કારણો રજૂ કરવા કેન્દ્રને સૂચના આપી હતી.



# કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી છે. આસામ પોલીસ દ્વારા નોંધાયેલા છેતરપિંડી અને માનહાનિના કેસમાં સર્વોચ્ચ અદાલતે તેમને આગોતરા જામીન (Anticipatory Bail) મંજૂર કર્યા છે. જસ્ટિસ જે.કે. માહેશ્વરી અને જસ્ટિસ એ.એસ. ચંદુરકરની પીઠે ગુવાહાટી હાઈકોર્ટના અગાઉના આદેશને રદ કરતા આ નિર્ણય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, આ કેસની પરિસ્થિતિઓ 'રાજકીય પ્રતિસ્પર્ધા' તરફ ઈશારો કરે છે, તેથી પવન ખેડાની વ્યક્તિગત સ્વતંત્રતાની રક્ષા થવી જોઈએ. કોર્ટે આસામ પોલીસની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન (હિરાસતમાં પૂછપરછ) કરવાની માંગને પણ ફગાવી દીધી છે.પવન ખેડાએ એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે આસામના મુખ્યમંત્રી હિમંત વિશ્વ શર્માની પત્ની રિનિકી ભુઈયા પાસે અનેક વિદેશી પાસપોર્ટ છે અને વિદેશમાં અઘોષિત સંપત્તિ છે.પોલીસ કાર્યવાહીઃ આ નિવેદન બાદ તેમની સામે માનહાનિ, છેતરપિંડી અને ગુનાહિત કાવતરાનો કેસ નોંધાયો હતો. આસામ સરકારનો આરોપ છે કે ખેડાએ પાસપોર્ટની નકલી અને છેડછાડ કરેલી નકલો રજૂ કરી હતી.

ઘટનાક્રમની ટાઈમલાઈન :

૭ એપ્રિલઃ આસામ પોલીસની ટીમ દિલ્હી સ્થિત ખેડાના નિવાસે પહોંચી, પણ તેઓ મળ્યા નહીં.

૧૦ એપ્રિલઃ તેલંગાણા હાઈકોર્ટે ખેડાને એક સપ્તાહ માટે ટ્રાન્ઝિટ આગોતરા જામીન આપ્યા.

૧૫ એપ્રિલઃ સુપ્રીમ કોર્ટે તેલંગાણા હાઈકોર્ટના આદેશ પર રોક લગાવી.

૨૪ એપ્રિલઃ ગુવાહાટી હાઈકોર્ટે ખેડાની આગોતરા જામીન અરજી ફગાવી અને કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનને જરૂરી ગણાવી.

૧ મેઃ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય પલટી નાખ્યો અને પવન ખેડાને આગોતરા જામીન મંજૂર કર્યા.

કોર્ટમાં પક્ષકારોની દલીલોઃ

અભિષેક મનુ સિંઘવી (ખેડાના વકીલ): તેમણે આ કેસને 'રાજકીય વેર' ગણાવતા કહ્યું કે મુખ્યમંત્રી ખેડાને જેલમાં મોકલવાની ધમકી આપી રહ્યા છે. તેમણે દલીલ કરી કે પવન ખેડા કોઈ આતંકવાદી નથી કે તેમની ધરપકડ માટે ૫૦-૬૦ પોલીસ કર્મચારીઓ આવે.

તુષાર મહેતા (આસામ સરકારના વકીલ): તેમણે દલીલ કરી હતી કે ખેડાએ મુખ્યમંત્રીની પત્નીના નકલી દસ્તાવેજો બનાવ્યા છે. આ પાછળ કયા વિદેશી તત્વોનો હાથ છે તે જાણવા માટે હિરાસતમાં પૂછપરછ જરૂરી છે.

જામીન માટેની શરતો

સુપ્રીમ કોર્ટે પવન ખેડાને જામીન આપવાની સાથે કેટલીક શરતો પણ મૂકી છેઃ

તપાસમાં સહયોગઃ પવન ખેડાએ તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવો પડશે અને જ્યારે પણ પોલીસ બોલાવે ત્યારે હાજર થવું પડશે.

પુરાવા સાથે છેડછાડ નહીંઃ તપાસ કે સુનાવણી દરમિયાન તેઓ કોઈ પુરાવા સાથે છેડછાડ કરી શકશે નહીં કે સાક્ષીઓને પ્રભાવિત કરી શકશે નહીં.

વિદેશ પ્રવાસ પર પ્રતિબંધઃ કોર્ટની પરવાનગી વગર તેઓ ભારત છોડી શકશે નહીં.

વધારાની શરતોઃ જો ટ્રાયલ કોર્ટને યોગ્ય લાગે, તો તે પોતાની રીતે અન્ય વધારાની શરતો પણ લાદી શકે છે.

# ચીનનો ૧૦% હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ માટે FDI નિયમો હળવા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
કેન્દ્ર સરકાર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ 10 ટકા સુધી ચાઈનીઝ હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ માટે ભારતમાં સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)ના નિયમોને ઉદાર બનાવવા માટે સજ્જ બની છે અને ટૂંકસમયમાં આ અંગેનું નોટિફિકેશન જારી કરશે.

અગાઉ માર્ચમાં કેન્દ્રીય કેબિનેટે વિવાદાસ્પદ પ્રેસ નોટ-3માં સુધારાને મંજૂરી આપી હતી. આ સુધારા મુજબ 10 ટકા સુધીની ચીની માલિકી ધરાવતી વિદેશી કંપનીઓ ભારતના વિવિધ ક્ષેત્રોમાં ઓટોમેટિક રૂટ હેઠળ સીધું વિદેશી રોકાણ કરી શકશે. જોકે હળવા નિયમો ચીન, હોંગકોંગ અથવા ભારત સાથે જમીન સરહદો ધરાવતા બીજા દેશોમાં રજિસ્ટ્ર્ડ થયેલી કંપનીઓને લાગુ પડશે નહીં.







ખાધા બાદ લોકો ઊલટીઓ કરવા લાગ્યા

# પ્રતિષ્ઠિત વંદે ભારત ટ્રેનના નાશતામાંથી કીડા નીકળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)આગરા
ભારતીય રેલની સૌથી પ્રતિષ્ઠિત ટ્રેન છે વંદે ભારત એક્સપ્રેસ. દેશમાં ચાલી રહેલી તમામ વંદે ભારતમાં આ ખૂબ જ પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. પણ આ ટ્રેનના ભોજનમાં પણ કીડા નીકળે તો તમે શું કહેશો? જી હાં, આગરા કેન્ટથી પ્રયાગરાજ જઈ રહેલી વંદે ભારતના નાસ્તામાં કીડા નીકળ્યા. જેવું લોકોએ ખાવાનું ખાધું તો ઊલટીઓ કરવા લાગ્યા. જેના ફોટો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યા. આ ઘટનાથી દુખી થઈ યાત્રીઓએ રિફંડ પાછું કરવાની માગ કરવા લાગ્યા.

આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો, જ્યારે એક મુસાફરે આખી ઘટનાનો વીડિયો બનાવી વાયરલ કરી દીધો. યાત્રીએ લોકો ઊલટી કરતા હોય અને ખાવામાં કીડા નીકળવાની તસવીરો શેર કરી છે. યાત્રીઓનું કહેવું છે કે સફર દરમ્યાન તેમને જે ખાવાનું આપવામાં આવ્યું, તેમાં કીડા હતા. નવાઈની વાત એ છે કે એ જ ડબ્બામાં કેટલાય યાત્રીઓ સાથે આવી જ ઘટના ઘટી છે. ત્યાર બાદ કોચમાં હડકંપ મચી ગયો અને યાત્રીઓએ ડરના કારણે ખાવાની ના પાડી દીધી. હકીકતમાં જોઈએ તો, ટ્રેન નંબર ૨૦૧૭૬ આગરા-વારાણસી વંદે ભારતના કોચ C13માં પિરસવામાં આવેલા નાશતામાંથી જીવડાં મળ્યા. મુંબઈના બાળ રોગ નિષ્ણાંત ડો. કપિલ પાટિલની પત્નીની તબિયત ખરાબ થઈ ગઈ.

# તંત્રી લેખ......

## યુએસ પ્રમુખ ટ્રમ્પ પોતે પણ તેમની આગામી પોસ્ટમાં શું લખશે તે આગાહી કરી શકતા નથી

યુએસ પ્રમુખ ટ્રમ્પ પોતે પણ તેમની આગામી પોસ્ટમાં શું લખશે તે આગાહી કરી શકતા નથી, કારણ કે તેઓ જે લખે છે તે ઘણીવાર અગાઉના પોસ્ટનો વિરોધાભાસ કરે છે. આ ફક્ત એક વિષય પર નહીં, પરંતુ દરેક મુદ્દા પર થાય છે - પછી ભલે તે ટેરિફ, ગ્રીનલેન્ડ અથવા ઈરાનનો મુદ્દો હોય. ભારત વિશેના તેમના નિવેદનો પણ વિરોધાભાસી રહ્યા છે. તાજેતરમાં, તેમણે એક પોસ્ટને ટેકો આપ્યો હતો જેમાં ભારતને પૃથ્વી પર નર્ક કહેવામાં આવ્યું હતું. દિલ્હી સ્થિત યુએસ દૂતાવાસને લાગ્યું કે ટ્રમ્પે કંઈક વાહિયાત કહ્યું છે અને એક નિવેદન બહાર પાડ્યું જેમાં કહેવામાં આવ્યું છે કે યુએસ રાષ્ટ્રપતિના મતે, ભારત એક મહાન દેશ છે અને તેના ટોચના નેતાઓ તેમના મિત્રો છે.

સામાન્ય રીતે, જ્યારે કોઈ આવી સફેદીનો ઉપયોગ કરે છે, ત્યારે તેને બીજાના વાસણ સાફ કરવાનું કહેવામાં આવે છે. યુએસ રાષ્ટ્રપતિના સહાયકોએ આ વધુ કરવું પડે છે, કારણ કે તેઓ ગમે ત્યારે કંઈપણ કહે છે, ક્યારેક તો સ્પષ્ટપણે બિનસંસદીય અને અભદ્ર પણ. તેમના વિરોધાભાસી, ખોટા, અતિશયોક્તિપૂર્ણ અને અપમાનજનક નિવેદનોનો ટ્રેક રાખવો મુશ્કેલ છે, કારણ કે તેઓ દરરોજ અને લગભગ દરેક મુદ્દા પર આવું કરે છે. તેમને પોતાના નિવેદનો પાછા ખેંચવામાં અથવા બરાબર વિરુદ્ધ કહેવામાં કોઈ શરમ નથી. આ હોવા છતાં, નોંધપાત્ર વાત એ છે કે તેઓ ખુલ્લેઆમ બોલે છે.

ટ્રમ્પે સમગ્ર વિશ્વને મુશ્કેલીમાં મૂક્યું છે - દુશ્મનો કરતાં વધુ મિત્રો. તેથી જ મોટાભાગના દેશો તેમના પર શંકા કરે છે. યુરોપિયન દેશો, તેમજ જાપાન અને દક્ષિણ કોરિયા જેવા અમેરિકાના નજીકના સાથીઓ પણ ટ્રમ્પ પ્રત્યે શંકાથી ભરેલા છે, અને ભારત પ્રત્યેના તેમના વર્તન, અથવા તેના દુર્વ્યવહારે તેમને ભારતીયોમાં બદનામ કર્યા છે. ટ્રમ્પને એક અસ્થિર, અવિશ્વસનીય રાષ્ટ્રપ્રમુખ સિવાય બીજું કંઈ કહેવું મુશ્કેલ છે. તેઓ પોતાને શાંતિના રાષ્ટ્રપતિ કહે છે અને સતત એક યા બીજા દેશને ધમકી આપે છે - ક્યારેક ટેરિફ લાદે છે, ક્યારેક પ્રતિબંધો લગાવે છે, અને ક્યારેક આક્રમણ પણ કરે છે. તેઓ નોબેલ શાંતિ પુરસ્કાર જીતવા માટે ઉત્સુક હતા, પરંતુ આ ચિંતા તેમને ગયા વર્ષે ઈરાન અથવા આ વર્ષે વેનેઝુએલા પર હુમલો કરતા રોકી ન શક્યા.

ગયા વર્ષે, તેમણે ઈરાન પર ઈઝરાયલના હુમલાઓનો અંત પોતે હુમલો કરીને કર્યો. પછી, આ વર્ષની શરૂઆતમાં, તેમણે વેનેઝુએલા પર હુમલો કર્યો, તેના રાષ્ટ્રપતિ અને તેમની પત્નીનું અપહરણ કર્યું. તેમણે, ઈઝરાયલ સાથે મળીને, આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈરાન પર ફરીથી હુમલો કર્યો જ્યારે ઈરાન અમેરિકા સાથે વાટાઘાટો કરી રહ્યું હતું. આ યુદ્ધ લગભગ ૪૦ દિવસ સુધી ચાલ્યું, અને પછી તેઓએ બહાર નીકળવાનો રસ્તો શોધવાનું શરૂ કર્યું, જેના પરિણામે બે અઠવાડિયાનો યુદ્ધવિરામ થયો. આ યુદ્ધવિરામ દરમિયાન ઈરાન સાથે વાટાઘાટો નિષ્ફળ ગયા પછી, તેઓએ તેને અનિશ્ચિત સમય માટે લંબાવ્યું, પરંતુ આમ કરતા પહેલા, તેઓએ નાકાબંધી લાદવાનો નિર્ણય લીધો. આ આજ સુધી ચાલુ છે. વર્તમાન પરિસ્થિતિ એ છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ યથાવત છે, પરંતુ હોર્મુઝ સમુદ્ર બંધ છે. આનો અર્થ એ થયો કે આ યુદ્ધવિરામ ગલ્ફ દેશોમાંથી ઉર્જા પુરવઠામાં વિક્ષેપ પાડી રહ્યો છે, જેમ કે ૪૦ દિવસના યુદ્ધ દરમિયાન થયો હતો. ખરેખર, યુદ્ધ દરમિયાન, તેલ અને ગેસ વહન કરતા થોડા જહાજો હોર્મુઝમાંથી પસાર થઈ રહ્યા હતા, પરંતુ હવે આ સાંકડા દરિયાઈ માર્ગે તેમની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. જ્યારે આ યુદ્ધવિરામથી યુએસ, ઈઝરાયલી અને ઈરાની દળોને થોડી રાહત મળી હશે, પરંતુ તેનાથી બાકીના વિશ્વને કોઈ રાહત મળી નથી. હોર્મુઝ સ્ટ્રેટ હવે અવરોધિત છે કારણ કે ઈરાન દાવો કરે છે કે યુએસ નાકાબંધી યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરે છે અને નાકાબંધી હટાવવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ જહાજોને જવા દેશે નહીં. યુએસ સૈન્ય ઈરાન પર નાકાબંધી લાગુ કરવામાં સફળ રહ્યું છે, પરંતુ તે હોર્મુઝમાંથી જહાજોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સક્ષમ નથી.

# ભાજપ સરકારના ૬ મંત્રી બાદ વધુ એક બનાસકાંઠાના મંત્રી પ્રવિણ માળી પોતાનો ગઢ ન સાચવી શકયા : ભાજપમાંથી ટીકીટ કપાતા નારાજ થયેલા ઉમેદવારે કોંગ્રેસમાંથી જીતની હેટ્રીક લગાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના ૬ મંત્રીઓ પોતાનો ગઢ સાચવી ન શકયા હોવાના સમાચારો પ્રાપ્ત થયા બાદ હવે બનાસકાંઠા જિલ્લાના મંત્રી પ્રવિણ માળી પોતાના મત વિસ્તાર ડીસા તાલુકાના નેસડા ગામે ભાજપની ટીકીટ ન મળતા નારાજ થયેલા ઉમેદવારે કોંગ્રેસમાંથી જીતની હેટ્રીક લગાવતા રાજકારણ ગરમાયુ છે.





બનાસકાંઠા જિલ્લા પંચાયતની ડીસા તાલુકાના નેસડા જુના બેઠક પર આવેલા પરીણામોએ રાજયના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. નેસડા જુના સીટ પર કોંગ્રેસની આખી પેનલનો ભવ્ય વિજય થતા ભારતીય જનતા પાર્ટીમાં હડકંપ મચી જવા પામ્યો છે. ખાસ કરીને રબારી સમાજના યુવા અગ્રણી નરસિંહ દેસાઈએ કોંગ્રેસના નિશાન પર વિજયની હેટ્રીક સર્જતા ભાજપના સુપડા સાફ થઈ ગયા છે. આ અંગે સુત્રોના કહેવા પ્રમાણે ચુંટણી પહેલા નરસિંહ દેસાઈ એ ભાજપ પાસેથી ટીકીટની માંગણી કરી હતી. પરંતુ પક્ષ દ્વારા તેમની ટીકીટ કાપવામાં આવતા તેમણે કોંગ્રેસનો સાથ પકડયો હતો. રબારી સમાજમાં મોટુ પ્રભુત્વ ધરાવતા આ યુવા નેતાએ પોતાની લોકપ્રિયતા સાબિત કરી બતાવી હતી.આ હારને પગલે સ્થાનિક ભાજપ સંગઠનની વ્યુહ રચના સામે અનેક સવાલો ઉભા થયા છે. નેસડા બેઠકના આ ચોકાવનારા પરીણામોની નોંધ ગુજરાત સરકાર અને પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા પણ લેવામાં આવી છે. કારણ કે ડીસા તાલુકા મતવિસ્તારના પ્રવિણ માળી હાલમાં ગુજરાત સરકારમાં રાજય સરકારના મંત્રી મંડળમાં છે.

નેસડા જુના જિલ્લા પંચાયત બેઠકની સાથે તાલુકા પંચાયતની લોરવાડા, ઓઢવા, બલોઘર, અને નેસડા સીટ પર ભાજપની હાર થી સત્તાધારી પક્ષ માટે આ પરાજય માત્ર એક બેઠકની હાર નથી, પરંતુ પ્રતિષ્ઠાનો જંગ હારવા સમાન માનવામાં આવે છે. રાજકીય વિશ્લેષકો અને સુત્રોનુ માનીએ તો આ પરાજય બાદ ભાજપના સ્થાનિક માળખામાં મોટા ફેરફારો થઈ શકે છે. હાલ તો નેસડામાં કોંગ્રેસના વિજયી સરઘસ અને ભાજપમાં મૌન વચ્ચે બનાસકાંઠાનુ રાજકારણ ગરમાયુ છે.

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ, સુરત

# સુરતમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો ભવ્ય પ્રારંભ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક્ઝીબિશનનું ઉદ્ઘાટન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સના શુભારંભ પૂર્વે ઓરો યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ એક્ઝીબિશનનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું.






આ પ્રસંગે રાજ્યના ઔદ્યોગિક વિકાસ, કૃષિ પ્રગતિ, ગ્રીન એનર્જી અને સેવા ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રતિબિંબિત કરતું વિશાળ પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનના વિવિધ પેવેલિયન અને સ્ટોલની મુલાકાત લઈને ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે નવીન ટેકનોલોજી, ગ્રીન એનર્જી એકમો, કૃષિમાં આધુનિક પદ્ધતિઓ અને સેવા ક્ષેત્રના વિકસતા મોડલ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે તેમણે રાજ્યના વિકાસમાં ખાનગી ક્ષેત્ર, ઉદ્યોગકારો અને યુવાનોની ભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવી પ્રોત્સાહન આપ્યું હતું.

ગુજરાત દેશના 'ગ્રોથ એન્જિન' તરીકે આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા 'વાઈબ્રન્ટ ગુજરાત'ના વૈશ્વિક વિઝનને વધુ વ્યાપક બનાવવા માટે પ્રાદેશિક સ્તરે આ પ્રકારની કોન્ફરન્સ યોજવાનો નવીન અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ પહેલના માધ્યમથી રાજ્યના દરેક વિસ્તારમાં રહેલા વિકાસના અવસરોને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સુરત ખાતે આયોજિત આ બે દિવસીય કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત સહિત ૬ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ઉદ્યોગ, કૃષિ, MSME અને સેવા ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિનિધિઓ સક્રિય ભાગ લઈ રહ્યા છે.

કોન્ફરન્સનો મુખ્ય હેતુ રિજનલ ઈન્ડસ્ટ્રીય ગ્રોથને ગતિ આપવી, રોકાણકારોને આકર્ષવા અને રોજગારના નવા અવસરો ઉભા કરવાનો છે. આ પ્રદર્શનને ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર, ગ્રીન એનર્જી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને સેવા ક્ષેત્ર એમ મુખ્ય ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન અંતર્ગત નવીન પ્રોડક્ટ્સ, ટેકનોલોજી, મશીનરી, સ્ટાર્ટઅપ ઈનોવેશન અને સરકારી યોજનાઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું છે.

ખાસ કરીને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં સોલાર અને વિન્ડ એનર્જી સંબંધિત પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. આ ઉપરાંત, ગુજરાતની ઓળખરૂપ કૃષિ વૈવિધ્યને પ્રદર્શિત કરતો 'મેન્ગો ફેસ્ટિવલ' પણ યોજાયો હતો, જેમાં રાજ્યના દક્ષિણ ગુજરાતમાં ઉગતી કેરીની જાતો રજૂ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ટ્રેડ ફેરનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને પ્રદર્શન દ્વારા ઊભી થનારી વ્યવસાયિક સંભાવનાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રકારની પ્રાદેશિક કોન્ફરન્સ રાજ્યના સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ધારાસભ્યશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગજગતના આગેવાનો અને દેશ-વિદેશના પ્રતિનિધિઓ જોડાયા હતા.

# કલોલ સગીરા અપહરણ-દુષ્કર્મ કેસઃ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૨૫માં બનેલી સગીરાના અપહરણ અને શારીરિક શોષણની ગંભીર ઘટનામાં ન્યાયતંત્રએ ચુકાદો આપ્યો છે. કલોલની ચોથી એડિશનલ સેસન્સ કોર્ટે આરોપી રોહિતકુમાર ઉર્ફે ગાગાકુમાર કુશવાહને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને રૂ.૫ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. મે ૨૦૨૫માં આરોપી રોહિતકુમાર છત્રાલ વિસ્તારમાંથી ૧૬ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આરોપી સગીરાને હરિયાણાના ગન્નોર ખાતે લઈ ગયો હતો, જ્યાં તેણે સગીરા પર અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અત્યાચારને કારણે સગીરા ગર્ભવતી બની હોવા છતાં આરોપીએ તેનું શોષણ ચાલુ રાખ્યું હતું. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સમગ્ર મામલે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB) અને સાયબર સેલની ટીમને તપાસ દરમિયાન ટેકનિકલ સોર્સના આધારે જાણવા મળ્યું હતું કે, આરોપી હરિયાણામાં છુપાયો છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૦૧/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૮૨૫ | ૪૬૦.૦૦ | ૫૭૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૩૫ | ૧,૨૬૭.૦૦ | ૧,૩૦૧.૦૦ |
| ૪ | રાયડો | ૩ | ૧,૧૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૫ | બાજરી | ૨૫ | ૪૪૦.૦૦ | ૪૬૨.૦૦ |
| ૬ | મકાઇ | ૬૦૦ | ૩૮૦.૦૦ | ૪૪૨.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૫૩ | ૧,૩૦૦.૦૦ | ૧,૪૯૫.૦૦ |
| ૮ | ચણા | ૪૫ | ૧,૦૪૪.૦૦ | ૧,૦૬૮.૦૦ |
| ૯ | અડદ | ૧ | ૯૫૦.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| ૧૦ | તમાકુ | ૧૯૧ | ૧,૪૫૦.૦૦ | ૨,૪૦૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૪૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૨ | સોયાબીન | ૨ | ૧,૦૮૦.૦૦ | ૧,૧૯૩.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## યુપીમાં જાનમાં વાગતા ડીજેના અવાજથી ૧૪૦ મરઘીનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુલતાનપુર

ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લામાં એક અજીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પોલ્ટ્રી ફોર્મના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. દરિયાપુર ગામમાં પોલ્ટ્રી ફાર્મ ધરાવતા માલિકનો આરોપ છે કે, ગામમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં ખૂબ જ ઊંચા અવાજમાં ડીજે વાગતું હોવાને કારણે તેમની ૧૪૦ મરઘાના મોત થયા છે. આ ઘટનાની પોલીસે તપાસ શરુ કરી છે.

બલ્દીરામ પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદ પ્રમાણે બબ્બન વિશ્વકર્માની દીકરીના લગ્ન હતા. જાન આવી ત્યારે તીવ્ર અવાજે ડીજે વાગતું હતું. લગ્નસ્થળની નજીક જ શાબિરનું પોલ્ટ્રી ફાર્મ હતું. અવાજની તીવ્રતા અસહ્ય હોવાથી શાબિરે અવાજ ધીમો કરવાની વિનંતી કરી, પરંતુ જાનૈયાઓએ અને ડીજેવાળાએ ઝઘડો કર્યો.

ફરિયાદીએ દાવો કર્યો કે અસહ્ય તીવ્ર અવાજથી મરઘીઓ ભય પામી ગઈ હતી અને અવાજ સહન ન થતાં ફફડીને મરી ગઈ. તેના પોલ્ટ્રી ફાર્મમાં એક-બે કે પાંચ-પચ્ચીસ નહીં, પરંતુ ૧૪૦ મરઘીનાં મોત થઈ ગયા હતા. શાબિરના દાવા પછી પોલીસે ડીજે સંચાલક કવિ યાદવ સામે ફરિયાદ દાખલ કરીને તપાસ હાથ ધરી છે. ફરિયાદીએ વળતરની માગણી કરી છે. નિષ્ણાતોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ખૂબ જ તીવ્ર અવાજથી પક્ષીઓ અને પ્રાણીઓ પર ગંભીર અસર થાય છે.

### ગુજરાતની માથાદીઠ આવક પ્રથમવાર રૂ.૩ લાખને પારઃ રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકા વધુ

# ૧ મેઃ ગુજરાત સ્થાપના દિવસઃ સંસ્કાર-સમૃદ્ધિના સંગમથી 'ગ્લોબલ ગ્રોથ એન્જિન' તરીકે ઉભરતું આધુનિક અને સમર્થ ગુજરાત




### દેશના કુલ નિકાસમાં ૨૬ ટકા સાથે ગુજરાત પ્રથમઃ જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા યોગદાનઃ ભારતના ૪૦ ટકા કાર્ગોનું ગુજરાતના અત્યાધુનિક પોર્ટ્સ દ્વારા હેન્ડલીંગ

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. ૧લી મે, ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઈથી અલગ થયેલું ગુજરાત આજે માત્ર ભારતનું એક રાજ્ય નથી, પરંતુ વિશ્વના નકશા પર 'મોડેલ ઓફ ડેવલપમેન્ટ સ્ટેટ' બનીને ઉભર્યું છે. જે રાજ્ય પાસે દેશની માત્ર ૫ ટકા વસ્તી અને ૬ ટકા જમીન છે, તે આજે દેશના અર્થતંત્રનો ધબકાર બનીને દેશની GDPમાં ૮.૩ ટકા યોગદાન આપી રહ્યું છે. ગુજરાત આજે ભારતની અર્થવ્યવસ્થાની મજબૂત કરોડરજ્જુ બન્યુ છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા હિસ્સો રાજ્યની મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષમતા દર્શાવે છે. દેશની કુલ નિકાસમાં ૨૬ ટકા હિસ્સો એકલું ગુજરાત ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧માં વિકાસનો પાયો નાંખ્યો અને છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ, પ્રોએક્ટીવ પોલીસી નિર્માણ તેમજ જન ભાગીદારી થકી રાજ્યમાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત વિકાસના નવા અધ્યાય થકી વિવિધ ક્ષેત્રે દેશભરમાં અગ્રેસર રહ્યું છે. ગુજરાતની પ્રગતિ હવે માત્ર વાતોમાં નહીં, પણ આંકડાઓમાં બોલે છે. ગુજરાતના છેલ્લા બે દાયકાની વિકાસયાત્રા પર નજર કરીએ તો કુશળ નાણાકીય વ્યવસ્થાપન અને પ્રો-બિઝનેસ નીતિઓના પરિણામે ગુજરાતની માથાદીઠ આવક ઈતિહાસમાં પ્રથમવાર રૂ. ૩ લાખને પાર કરી ગઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકા વધુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતનો સરેરાશ વિકાસ દર ૧૧.૪ ટકા રહ્યો છે, જે ભારતની સરેરાશ કરતા વધુ છે. ગુજરાત આજે ભારતની અર્થવ્યવસ્થાની મજબૂત કરોડરજ્જુ બન્યું છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા હિસ્સો રાજ્યની મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષમતા દર્શાવે છે. દેશની કુલ નિકાસમાં ૨૬ ટકા હિસ્સો એકલું ગુજરાત ધરાવે છે. માત્ર જમીન માર્ગે જ નહીં, પણ સમુદ્રી વ્યાપારમાં પણ ગુજરાતનું પ્રભુત્વ અજોડ છે. ભારતનો ૪૦ ટકા જેટલો વિશાળ કાર્ગો ગુજરાતના અત્યાધુનિક પોર્ટ્સ દ્વારા હેન્ડલ કરવામાં આવે છે. આ આંકડા સાબિત કરે છે કે વૈશ્વિક વ્યાપાર માટે ગુજરાત એ ભારતનું સૌથી મહત્વનું પ્રવેશદ્વાર છે. કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાત વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. દેશના કેમિકલ ઉદ્યોગમાં ૩૩ ટકા હિસ્સા સાથે ગુજરાત અગ્રેસર છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે ૮.૪૨ ટકાનો વાસ્તવિક વૃદ્ધિ દર જાળવી રાખીને સાબિત કર્યું છે કે તે મોટા અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકાસ પામતું રાજ્ય છે. કૃષિથી લઈને ફિનટેક સુધીના દરેક ક્ષેત્રમાં ગુજરાતે સમતોલ વિકાસ સાધીને 'વિકસિત ભારત' માટેનો સાચો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

'સોમનાથ સ્વાભિમાન' જેવા આસ્થા સાથે જોડાયેલા પર્વથી ગુજરાતે પોતાની ધરોહર જાળવવાની સાથે 'ઈ-ગ્રામ'થી લઈને 'સેવા સેતુ' જેવા અભિયાન થકી ટેકનોલોજીને ગુજરાતના છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડી છે. જેના થકી ગુજરાતે વહીવટને પેપરલેસ બનાવી નાગરીકોની સેવાઓને આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવી છે.

ગુજરાત હવે પરંપરાગત ઉદ્યોગોની સાથે 'સેમીકન્ડક્ટર' અને ગ્લોબલ 'ફિનટેક'નું પણ કેન્દ્ર બન્યું છે. ગુજરાત એ ભૂમિ છે જ્યાં સોમનાથ અને દ્વારકાનું આધ્યાત્મિક તેજ પણ છે તેમજ ગિફ્ટ સિટી-ધોલેરા સ્માર્ટ સિટી જેવું આધુનિક વિઝન પણ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, રણોત્સવ, રામસર સાઈટ, નડા બેટ અને હેરિટેજ સિટી અમદાવાદ પ્રવાસન ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપી રહ્યા છે.હવે રાજ્યના એવા મહત્વના પ્રોજેક્ટ્સ પર નજર કરીએ જે ગુજરાતના ભવિષ્યને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છે. સિંધુ ખીણની સભ્યતાનું પ્રતિક એવુ સૌથી જૂનું બંદર લોથલ ખાતે વિશ્વકક્ષાના 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ'નું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. આ મ્યુઝિયમ ભારતની હજારો વર્ષ જૂની નૌકાશાસ્ત્ર અને વિશ્વ સાથેની દરીયાઈ વેપારની પરંપરાને પુનઃ જીવંત કરશે.

રાજ્યમાં ધાર્મિક પર્યટનને વેગ આપવા અને પ્રવાસીઓનો આકર્ષવા મોટા પાયે ધાર્મિક સ્થળોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં સોમનાથ મંદિરની આસપાસ સાગર દર્શન પથ (Promenade) અને પ્રદર્શન કેન્દ્રો વિકસાવવામાં આવ્યા છે. આ ઉપરાંત અંબાજીમાં પણ યાત્રિકોની સુવિધા માટે ભવ્ય કોરીડોર નિર્માણ તેમજ ૫૧ શકિતપીઠ પરિક્રમા પથના કામો પ્રગતિ હેઠળ છે.

ગુજરાતની ગતિશીલતાનું સૌથી મોટું પ્રતીક એટલે ભારતનો સૌ પ્રથમ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ. જેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ પ્રોજેક્ટના નિર્માણ થકી અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરો વચ્ચેનું અંતર ઘટશે અને આર્થિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે.આજે તા. ૧ મે, ૨૦૨૬ના રોજ ગુજરાતના ૬૬માં સ્થાપના દિને વિકસિત ગુજરાત થકી 'વિકસિત ભારતજ૨૦૪૭'ના સંકલ્પને સિદ્ધ કરવા ગુજરાત સજ્જ છે. મજબૂત નાણાકીય શિસ્ત, પારદર્શક વહીવટ અને ઉદ્યોગસાહસિક ગુજરાતીઓના પરિશ્રમથી આજે સાચા અર્થમાં ગુજરાત ભારતનું 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે. - ઋચા રાવલ

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ભાવનગર મંડળ દ્વારા સઘન ટિકિટ તપાસ અભિયાનમાં નોંધપાત્ર સફળતા, એપ્રિલ ૨૦૨૬માં રૂા.૯૧.૩૨ લાખનું આવક પ્રાપ્ત



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ચલાવવામાં આવેલા સઘન ટિકિટ તપાસ અભિયાનમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. આ અવધિ દરમિયાન કુલ ૧૧,૯૪૩ મુસાફરો અનિયમિત મુસાફરી કરતા ઝડપાયા, જેમાંથી ૫,૨૮૩ મુસાફરો ટિકિટ વિના મુસાફરી કરતા મળ્યા. આ સઘન તપાસ કામગીરીથી મંડળે એપ્રિલ મહિનામાં રૂા.૯૧.૩૨ લાખનું આવક પ્રાપ્ત કર્યું, જે ગયા વર્ષના એપ્રિલ મહિનાના રૂા.૭૭.૨૨ લાખની તુલનામાં મહત્વપૂર્ણ વધારો દર્શાવે છે. છેલ્લા બે વર્ષમાં એક મહિનામાં ટિકિટ તપાસથી પ્રાપ્ત થયેલી આ સર્વોચ્ચ આવક છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ ઉત્તમ પ્રદર્શન મંડળની અસરકારક દેખરેખ વ્યવસ્થા, સતત તપાસ અભિયાન અને મુસાફર સેવાઓના સુવ્યવસ્થિત સંચાલનનું પરિણામ છે. તેમણે મુસાફરોને અપીલ કરી કે તેઓ માન્ય ટિકિટ સાથે જ મુસાફરી કરે અને રેલવેના નિયમોનું પાલન કરે.

વિત્તીય વર્ષ ૨૦૨૫–૨૬ના કુલ પ્રદર્શન અંગે વાત કરીએ તો ભાવનગર મંડળે ઉત્તમ સિદ્ધિ મેળવી છે અને કુલ રૂા.૧૩૪૫.૬૩ કરોડનું આવક પ્રાપ્ત કર્યું છે, જે ગયા વર્ષની તુલનામાં ૭.૭% વધુ છે.

ટિકિટ તપાસ અભિયાન અંતર્ગત પણ વર્ષ ૨૦૨૫–૨૬માં ઐતિહાસિક સફળતા નોંધાઈ છે. આ અવધિ દરમિયાન ટિકિટ તપાસથી રૂા.૭.૧૫ કરોડનું આવક પ્રાપ્ત થયું છે, જે ગયા વર્ષની તુલનામાં ૪૮.૮% વધુ છે અને અત્યાર સુધીનું સર્વોચ્ચ છે. આ સિદ્ધિ ટિકિટ તપાસ સ્ટાફની સચેતતા, નિયમિતતા અને સઘન નિરીક્ષણનું સીધું પરિણામ છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ ઉત્તમ સિદ્ધિ માટે તમામ સંબંધિત કર્મચારીઓની પ્રશંસા કરી છે અને ભવિષ્યમાં પણ આવી જ રીતે સઘન ટિકિટ તપાસ અભિયાન ચલાવી આવકમાં વૃદ્ધિ અને અનિયમિત મુસાફરી પર અસરકારક નિયંત્રણ જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# અમદાવાદ મંડળ પર આંતરરાષ્ટ્રીય મજૂર દિવસનું આયોજનઃ WRWWO-અમદાવાદ દ્વારા ૩૦ રેલવે કર્મચારી સન્માનિત



તારીખ ૧ મે ૨૦૨૬ આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના અવસર પર પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), અમદાવાદ મંડળ દ્વારા મંડળ રેલવે મેનેજર ઓફિસમાં ગરિમાપૂર્ણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર પર મંડળના વિવિધ વિભાગોના ૩૦ રેલવે કર્મચારીઓને પ્રશંસા પત્ર અને સ્મૃતિ ચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા અને તેમના કઠોર પરિશ્રમ, લગન અને નિષ્ઠા પૂર્ણ કામોની પ્રશંસા કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય મહેમાન મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ હતા. કાર્યક્રમનો શુભારંભ અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો. આ અવસર પર WRWWO અમદાવાદ મંડળની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તાએ તમામ રેલવે કર્મચારીઓને મજૂર દિવસની શુભેચ્છાઓ આપતાં કહ્યું કે ભારતીય રેલવે, જે દેશની જીવન રેખા છે, તેની મજબૂતી અને સફળતા પાછળ લાખો કર્મચારીઓનો અથાગ પરિશ્રમ સમાયેલો છે. તેમણે કહ્યું કે ટ્રેકમેન, ગાર્ડ, લોકો પાયલટ, ટેકનિકલ કર્મચારી અથવા સ્ટેશન સ્ટાફ-દરેક કર્મચારી પોતાની જવાબદારી પૂર્ણ નિષ્ઠાથી નિભાવે છે. મજૂર દિવસ અમને આ સંદેશ આપે છે કે દરેક શ્રમિકનું યોગદાન અમૂલ્ય છે અને તેમનું સન્માન કરવું આપણું કર્તવ્ય છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ પોતાના સંભાષણમાં રેલવે કર્મચારીઓની લગન અને સમર્પણની પ્રશંસા કરતાં કહ્યું કે લાઈન પર કામ કરનારા કર્મચારી દરેક ઋતુમાં થાક્ય વગર પોતાની જવાબદારી નિભાવે છે જે અત્યંત પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે ભારતીય રેલવે ફક્ત પાટાઓ અને ટ્રેનોનું નેટવર્ક નથી, પરંતુ આ કર્મચારીઓની મહેનત, શિસ્ત અને કર્તવ્યનિષ્ઠાનું પ્રતીક છે. દિવસ-રાત, ગરમી-વરસાદ દરેક પરિસ્થિતિમાં રેલવે કર્મચારીઓ પોતાની સેવાઓ આપીને દેશની ગતિ જાળવી રાખે છે.

આ અવસર પર અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા, અપર મંડળ રેલવે મેનેજર શ્રી વિકાસ ગઢવાલ, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ સહિત અન્ય અધિકારીઓ, મહિલા કલ્યાણ સંગઠનની સભ્યો, રેલવે યૂનિયન અને એસોસિએશનના પદાધિકારી તથા કર્મચારી ઉપસ્થિત હતા.

# સિધ્ધાંતને સાઈડ ઉપર મુકી સત્તા માટે ભાજપે ઓવૈસી ના સભ્ય સાથે સમજી લીધુ



પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લાની બોરસદ નગરપાલિકામાં સત્તા મેળવવા માટે ભાજપે મોટો ખેલ કરી નાખ્યો છે. બોરસદમાં ભાજપને ૧૭ તો અપક્ષ ઉમેદવારોને ૧૮ સીટો મળી હતી. જે બાદમાં સત્તામાં કોણ બેસસે તેને લઈને મુંઝવણ ઉભી થઈ હતી. ત્યારે ભાજપે રણનીતી અપનાવી એઆઈએમઆઈએમ અને અપક્ષ સભ્યોને પોતાના પક્ષમાં ખેંચી લેતા આખુ રાજકીય ગણિત બદલાઈ ગયુ હતું. અહીં તે જ પાર્ટી જેનો ભાજપ વિરોધ કરતુ આવ્યુ છે તે જ ઓવૈસી પાર્ટીને બોરસદ નગરપાલિકામાં સત્તામાં બેસવા ભાજપે સમાવી લીધા છે. બોરસદ નગરપાલિકામાં કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૧૭ બેઠકો જીતી હતી. જયારે બહુમતી માટે ૧૯ સભ્યોના ટેકાની જરૂર હતી. આ સ્થિતિમાં ભાજપે એઆઈએમઆઈએમ ના વોર્ડ નં. ૯ માં થી જીતેલા ઉમેદવાર નીલોફર વ્હોરાને પક્ષમાં આવકારીને કેસરીયો ખેસ પહેરાવી દીધો હતો. સાથે જ અહેબાઝ વ્હોરા, શુક્રાનાબાનુ કુરૈશી, શૌકતખાન પઠાણ અને લીયાકત અલી સૈયદ જેવા ૪ અપક્ષ સભ્યોનો પણ ટેકો મેળવી લીધો છે.

આ પાંચ સભ્યોના સમર્થન સાથે ભાજપને હવે કુલ ૨૨ સભ્યોનો ટેકો મળતા નગરપાલિકામાં સત્તા સ્થાપિત કરવાની સ્થિતિ મજબુત બની ગઈ છે.

નોંધનીય છે કે એઆઈએમઆઈએમ એ પોતાના જીતેલા ઉમેદવારે ભાજપને બિનશરતી ટેકો જાહેર કરતા તેમને એઆઈએમઆઈએમ પાર્ટીમાંથી સસ્પેન્ડ પણ કરી દીધા છે. અત્યાર સુધી આમ આદમી પાર્ટીના નેતાઓને તોડનાર ભાજપે હવે ઓવૈસીની પાર્ટીના સભ્યને પણ આવકારતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. આ પાંચ સભ્યોના ટેકા સાથે હવે બોરસદ નગરપાલિકા પર ભાજપનો ભગવો લહેરાશે અને શાસન ધુરા સંભાળશે તે નિશ્ચિત બન્યુ છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પરીવારવાદ ન ચાલ્યો : વિરમપુર, ખેરાલુ અને નડીયાદમાં દિગ્ગજ નેતાઓના પરીવારજનોની કારમી હાર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામોએ રાજકીય વિશ્લેષકોને ચોકાવી દીધા છે. આ ચુંટણીમાં પ્રજાએ પક્ષપાત કે પક્ષની વિચારધારા કરતા પરીવારવાદ વિરૂધ્ધ પોતાનો મજબુત મતાધિકાર વાપરીને મોટો સંદેશ આપ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના મોટા ગજાના નેતાઓએ જયારે પોતાના પરીવારજનોને ચુંટણીના મેદાનમાં ઉતાર્યા ત્યારે મતદારોએ તેમને સ્પષ્ટપણે નકારી દીધા છે.

બનાસકાંઠા જિલ્લાની વિરમપુર તાલુકા પંચાયતની બેઠક પર કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય કાંતી ખરાડીના પુત્ર દિનેશ ખરાડી આ બેઠક પરથી ઉમેદવાર હતા, આશ્ચર્યજનક બાબત એ છે કે જે વિસ્તાર કાંતી ખરાડીનો પોતાનો ધારાસભ્ય મતવિસ્તાર છે, ત્યાં જ પ્રજાએ તેમના પુત્રને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે, દિનેશ ખરાડીને વિરમપુર તાલુકા પંચાયતની આ બેઠક પર ૨૦૦ થી વધુ મતોના અંતર થી કારમી હારનો સામનો કરવો પડયો છે. સ્થાનિક લોકો માં ચર્ચા છે કે ધારાસભ્યના પુત્ર હોવા છતાં પ્રજાએ આપેલુ આ પરીણામ પરીવારવાદ સામેનો પ્રચંડ જનાદેશ છે. પરીવારવાદને નકારવાનો આવો જ ટ્રેન્ડ નડીયાદમાં પણ જોવા મળ્યો છે. નડીયાદ મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપના ધારાસભ્ય પંકજ દેસાઈના પિતરાઈ ભાઈ હેમલ ચીનુભાઈ પટેલને મતદારોએ પરાજય આપ્યો છે.

હેમલ પટેલ વોર્ડ નં. ૧૨ માં થી ચુંટણી લડી રહ્યા હતા. જાણવા મળ્યા મુજબ ધારાસભ્ય પંકજ દેસાઈએ હેમલ પટેલને મેન્ડેટ અપાવવા માટે એડીચોટીનુ જોર લગાવ્યુ હતું પરંતુ પ્રજાએ તેમને જાકારો આપ્યો છે. નડીયાદમાં ભાજપનો વિજયરથ આગળ વધ્યો હોવા છતાં હેમલ પટેલની ૪૬૬ મતોથી હાર થયેલી એ વાતની સાબિતી છે કે લોકો હવે નેતાઓના સંબંધીઓને લાદવાની નીતીથી નારાજ છે. તે જ રીતે ખેરાલુમાં પણ પરીવારવાદનો ફીયાસ્કો જોવા મળ્યો છે. ખેરાલુમાં પૂર્વ ધારાસભ્ય અજમલજી ઠાકોર ના પુત્ર ની કરારી હાર થઈ છે. ખેરાલુની મલેકપુર તાલુકા પંચાયત ચુંટણીમાં નરેન્દ્ર અજમલજી ઠાકોર હાર્યા છે. ત્યારે આ પરીણામો સાબિત કરે છે કે લોકશાહીમાં મતદારો હવે વધુ જાગૃત બન્યા છે. ભલે તે કોંગ્રેસ હોય કે ભાજપ, જો કોઈ નેતા પોતાના પ્રતિભાવનો ઉપયોગ કરીને પરીવારના સભ્યોને સત્તા પર બેસાડવાનો પ્રયત્ન કરશે તો તેને હારનો સ્વાદ ચાખવો પડશે. વિરમપુરમાં ૨૦૦ થી વધુ મતો અને નડીયાદમાં ૪૬૬ મતોથી હાર રાજકીય પક્ષો માટે લાલબત્તી સમાન છે.

## ઈરાન પર ફરી મોટા હુમલાની તૈયારી?

# અમેરિકાએ ૨૪ કલાકમાં ઈઝરાયલ મોકલ્યા ૬૫૦૦ ટન વિસ્ફોટક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-ઈરાન વચ્ચે ફરી મહાયુદ્ધ થવાના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર હુમલા કરવાની તૈયારીમાં હોવાની વિગતો સામે આવી છે. રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર બ્રેડ કૂપર અને જોઈન્ટ ચીફના ચેરમેને ટ્રમ્પ સાથે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી છે, જેમાં ઈરાન પર હુમલા માટે ત્રણ યોજના તૈયાર હોવાની ટ્રમ્પને માહિતી આપી છે, તેવો એક્સિઓસે દાવો કર્યો છે.

અમેરિકન સૈન્યના ટોચના અધિકારીઓ અને ટ્રમ્પ વચ્ચેની બેઠક બાદ ઈરાન પર ભયાનક હુમલાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

એટલું જ નહીં, ‘ધ ઈઝરાયલ ટાઈમ્સ’ અને ‘ધ જેરુસલેમ પોસ્ટે’ના રિપોર્ટના દાવા મુજબ અમેરિકાએ માત્ર ૨૪ કલાકમાં ઈઝરાયેલને આશરે ૬,૫૦૦ ટન દારૂગોળો અને સૈન્ય સાધન-સામગ્રી મોકલી છે. આનાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ટ્રમ્પ ગંભીર યોજના બનાવીને ઈરાન સાથેનો વિવાદ ખતમ કરવા મથી રહ્યા છે. જ્યારથી યુદ્ધ શરૂ થયું, ત્યારથી અમેરિકન સેન્ટ્રલ કમાન્ડને મધ્ય-પૂર્વમાં સૈન્ય અભિયાનો પુરા કરવાની કામગીરી સોંપાઈ છે અને તેઓએ જ ઈરાનના પોર્ટ પર નાકાબંધી કરીને રાખી છે.

દાવામાં ઈઝરાયલી સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહેવાયું છે કે, અમેરિકાના બે કાર્ગો શીપ અને અનેક વિમાનો ઈઝરાયલ પહોંચ્યા છે. તેમાં હવાઈ અને જમીની હુમલામાં ઉપયોગ થતો ૬૫૦૦ ટન દારુગોળો, સૈન્ય ટ્રક, જોઈન્ટ લાઈટ ટેક્ટિકલ વ્હીકલ્સ અને અન્ય સૈન્ય સાધનો સામેલ હતા. ઉલ્લેખનીય છે કે, યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકાએ ઈઝરાયલને લગભગ ૧,૧૫,૬૦૦ ટન સૈન્ય સામગ્રી મોકલી દીધી છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, ઈરાન વિરુદ્ધ ઓપરેશન રોરિંગ લાયન શરૂ કર્યા બાદ અમેરિકાએ ૪૦૩ વિમાનો દ્વારા અને ૧૦ દરિયાઈ જહાજો દ્વારા ૧,૧૫,૬૦૦ સૈન્ય સાધનો ઈઝરાયલને મોકલાવ્યા છે.

એક્સિઓસના રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઈરાન પર હુમલો કરવા માટે નવી યોજના બનાવી છે. સૂત્રો મુજબ, અમેરિકા ઈરાન પર નાનો પણ જોરદાર હુમલો કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવાની યોજના વિચારી રહ્યું છે. તેઓને આશા છે કે, આમ કરીને ઈરાન પર દબાણ વધશે અને તે વાતચીત કરવા માટે માની જશે. અમેરિકન સેનાને આશા છે કે, બોંબનો વરસાદ થશે તો ઈરાન પરમાણુ મુદ્દે અમારી શરતો પર વાતચીત કરવા ઢીલું પડી જશે.

# સાબરકાંઠા જિલ્લાના તલોદના આંત્રોલી ખાતે કેન્સર નિદાન કેમ્પ યોજાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ગુજરાત કેન્સર સોસાયટીના સહયોગથી કોમન કેન્સર સ્ક્રિનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ઓરલ કેન્સર , બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર જેવી જનજીવન માટે ગંભીર પરંતુ પ્રારંભિક તબકકે ઓળખાય તો સંપૂર્ણપણે નિયંત્રિત કરી શકાય તેવી બિમારીઓના સમયસર નિદાન પર ભાર મુકવામાં આવ્યો હતો. આશરે ૧૨૦ થી વધુ બહેનોએ સર્વાઈકલ અને બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનીગનો લાભ લીધો હતો. જેમાંથી ૩૫ લાભાર્થીઓની મેમોગ્રાફી તપાસ કરીને બ્રેસ્ટ કેન્સરના પ્રારંભિક સંકેતો શોધવાનુ મહત્વપૂર્ણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આવા સ્ક્રિનીંગ અભિયાન માત્ર આરોગ્ય સેવા નહી પરંતુ પ્રિવેન્સન ઈઝ બેટર ધેન કયોર, ના સિધ્ધાંતને જીવંત બનાવતો એક સંવેદનશીલ પ્રયાસ છે. જે દ્વારા કેન્સર જેવા મૌન ઘાતક રોગને શરૂઆતમાં જ ઓળખી, યોગ્ય સારવાર દ્વારા જીવન બચાવી શકાય છે, જાગૃતિ, સમયસર નિદાન અને યોગ્ય સારવાર દ્વારા કેન્સર સામેની લડાઈ

## ATKT ના ડરથી ઘર છોડ્યાની આશંકા

# બરોડા મેડિકલ કોલેજનો MBBSનો વિદ્યાર્થી ગુમ

### એવું મનાઈ રહ્યું છે કે એટીકેટી આવતા નિરાશ થઈને અથવા ડરના માર્યા તેણે આ પગલું ભર્યું હોઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાની પ્રતિષ્ઠિત બરોડા મેડિકલ કોલેજમાંથી ચોથા વર્ષમાં અભ્યાસ કરતો એક ૨૧ વર્ષીય તેજસ્વી વિદ્યાર્થી ગુમ થતા ચકચાર મચી ગઈ છે. બનાસકાંઠાના ધાનેરાનો વતની આ વિદ્યાર્થી છેલ્લા ચાર દિવસથી લાપતા છે. પુત્રની શોધમાં વડોદરા દોડી આવેલા પિતાની આક્રંદભરી અપીલે સૌ કોઈની આંખો ભીની કરી દીધી છે. બનાસકાંઠાના ધાનેરા તાલુકાનો વતની અને MBBS ના આઠમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો આ વિદ્યાર્થી ૨૬ એપ્રિલના રોજ ઘરેથી વડોદરા હોસ્ટેલ આવવા નીકળ્યો હતો. ૨૭ એપ્રિલના રોજ સાંજે સાડા સાત વાગ્યે માતા સાથે અંતિમ વાર વાત થયા બાદ તેનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. પરિવારજનો વડોદરા પહોંચ્યા ત્યારે હોસ્ટેલના રૂમ પર લોક જોવા મળ્યું હતું અને મિત્રો પાસે પણ કોઈ જાણકારી નહોતી. પરિવાર અને પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું કે, વિદ્યાર્થી વડોદરાના એસએસજી હોસ્પિટલ સામે આવેલા SBI ના એટીએમ પર રાત્રે ૯ વાગ્યાની આસપાસ પૈસા ઉપાડવા આવ્યો હતો, જ્યાં તે સીસીટીવીમાં કેદ થયો છે. ત્યારબાદ તેની કોઈ ભાળ મળી નથી.

વિદ્યાર્થી ભણવામાં ખૂબ જ હોશિયાર હતો અને તેણે કોઈ પણ ટ્યુશન વગર પ્રથમ પ્રયાસે જ નીટ ની પરીક્ષા પાસ કરી હતી. જોકે, આઠમા સેમેસ્ટરમાં તેને એક વિષયમાં ATKT આવી હતી. પિતાને આ વાતની જાણ વડોદરા આવ્યા બાદ થઈ હતી. એવું મનાઈ રહ્યું છે કે એટીકેટી આવતા નિરાશ થઈને અથવા ડરના માર્યા તેણે આ પગલું ભર્યું હોઈ શકે છે.

દીકરાની શોધમાં ભટકતા પિતાએ રડતા રડતા મીડિયા સમક્ષ અપીલ કરી હતી કે, “બેટા, તું જ્યાં હોય ત્યાંથી પાછો આવી જા. તારી મમ્મી અને બહેન બહુ ચિંતા કરે છે.

ભણવાનું તો કાલે ફરીથી થઈ જશે, એટીકેટી આવે તો કંઈ વાંધો નથી, અમે તને કંઈ જ નહીં કહીએ. બસ તું સુરક્ષિત ઘરે પાછો આવી જા.”

# મોરબી જિલ્લા પંચાયત ભલે ભાજપે કબ્જે કરી પરંતુ પ્રમુખ તો કોંગ્રેસનો જ બનશે?




પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી જિલ્લા પંચાયત ચુંટણી જંગ ભાજપે જીતી લીધો છે. પોતાનો ગઢ જાળવી રાખવામાં ભાજપને સફળતા મળી છે, જિલ્લા પંચાયતની ૨૪ માં થી ૧૭ બેઠકો જીતી બહુમતી હાંસલ કરી લીધી છે. અને કોંગ્રેસને ફાળે માત્ર ૭ બેઠકો રહી છે, પરંતુ કોંગ્રેસના ૭ જ સદસ્ય હોવા છતાં પ્રમુખ પદ કોંગ્રેસને ફાળે જાય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે.

મોરબી જિલ્લા પંચાયત પ્રમુખની બેઠક શેડયુલ ટ્રાઈબ મહિલા માટે અનામત છે, જેમાં ટંકારા તાલુકાની નેકનામ બેઠક પર ભાજપે ગીતાબેન ભોરણીયા, કોંગ્રેસે ગીતાબેન રમેશભાઈ દુબરીયા અને આમ આદમી પાર્ટીએ હિનાબેન ચાડમીયાને મેદાને ઉતાર્યા હતા અને ગીતાબેન દુબરીયા વિજેતા બન્યા છે.

મોરબી જિલ્લામાં આ એક જ બેઠક પરથી એસટી મહિલા જ્ઞાતિની મહિલા ઉમેદવારો મેદાને હતી. એટલે આ બેઠક પરથી વિજેતા ઉમેદવાર જિલ્લા પંચાયત પ્રમુખ બને તે નકકી હતું અને આ બેઠક ભાજપ હારી જતા કોંગ્રેસના ગીતાબેન દુબરીયાને પ્રમુખ બનવાનો મોકો મળી શકે છે અને ભાજપ જીતી છતાં પ્રમુખ કોંગ્રેસના બેસે તેવી સ્થિતિ નું નિર્માણ થયુ છે.

મોરબી જિલ્લો ભાજપનો ગઢ માનવામાં આવે છે અને ભાજપ નેતાઓ જીત અંગે ઓવર કોન્ફીડન્સ હોય તેવુ ચુંટણી દરમિયાન જોવા મળતુ હતું. પરંતુ પ્રમુખ પદ માટે નેકનામ બેઠક જીતવી એ અતિ આવશ્યક હોવા છતાં આ બેઠક પર ભાજપ થાપ ખાઈ ગયુ છે કે પછી અસંતુષ્ટોએ ભાજપને હરાવ્યુ છે તેવી ચર્ચાઓ જોવા મળી રહી છે. એટલુ જ નહી ભાજપે કરેલા આ બ્લંડરને કારણે જિલ્લા પંચાયતમાં ભાજપના જીતેલા સદસ્યોમાં અસંતોષ સર્જાય તો પણ નવાઈ નહી કારણ કે બોડી ભાજપની હોવા છતાં પ્રમુખ કોંગ્રેસના બેસે તે સ્વભાવિક જ સ્વીકારી ન શકાય તેવી સ્થિતિ બને,

## શેરસર્ટીફીકેટ ખોવાયેલ છે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદ : ૧૩ (સાબરમતી) ના તાલુકાઃ સાબરમતી માં આવેલ મોજે ગામ : અચેરની સીમના સર્વે નં. ૩૫ પૈકી ૩૬, ૩૭, ૩૮/૧ જેનો ફાઈનલ પ્લોટ નં. ૩૪૨, ૭૨૯, ૭૩૦, ટી.પી. સ્કીમ નં. ૨૩ મુજબની જમીન ઉપર ધર્મનગર કો.ઓ.હા.સો.લી. માં આવેલ રહેણાંકના બંગલાઓ પૈકી બંગલા નં. ૫૧ બાંધકામ વાળી મીલકત અંગે શેર સર્ટીફીકેટ નં. ૫૧ શેર નં. ૫૦૧ થી ૫૦૫ વાળું (૧) ચન્દ્રકાન્ત ચીમનલાલ (૨) મંજુલાબેન ચન્દ્રકાન્ત થી આવેલ છે અને સોસાયટી દવારા ઈસ્યુ થયેલ શેરસર્ટીફીકેટ શરતચુકથી ખોવાઈ/મુકાઈ ગયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર માંગેલ છે. ઉપરોકત શેર સર્ટીફીકેટ ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, નાણાકીય સંસ્થા કે કો.ઓ. બેંક કે રાષ્ટ્રીયકૃત બેંક કે અન્ય કોઈએ ધીરાણ આપેલ હોય કે અન્ય કોઈપણ રીતે નાણાકીય લેવડ દેવડ કરેલ હોય કે તેમનો મોર્ગેજ લીયન, ચાર્જ, બોજો કે અન્ય કોઈ હકક રહેલો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ મા તેમના વાંધાઓની પુરાવા સહીત જાણ અમોને નીચેના સરનામે રજી. એ.ડી. થી કરવી. જો તેમ કરવામા નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો રહેશે નહિં.

કમલ જી. બ્રહમભટ્ટ (એડવોકટ)
મેસર્સ. બ્રહ્મભટ્ટ અને એસોસિએટ્સ
૧૩, સીમંધર કોમ્પલેક્ષ, રામનગર,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
(મો)૯૦૩૩૦૯૧૭૭૬

### સુરતના સફાઈ કામદારો અને મુખ્યમંત્રીને ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના અભિનંદન

## સુરતના સફાઈ કામદારોની વિશાળ હાજરીમાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરતાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત રાજયની સ્થાપના ૦૧ મે,૧૯૬૦ ના રોજ થયેલ છે. મહાગુજરાત આંદોલન ધ્વારા મહારાષ્ટ્ર અને ગુજરાત રાજય છૂટા પડયા. મહાગુજરાત આંદોલન ચળવળમાં નેતા ઈન્દુલાલ યાજ્ઞિક ધ્વારા ગુજરાત અને મહારાષ્ટ્ર છૂટા પડે તે માટે આંદોલન ચલાવવામાં આવી રહેલ હતું. અને તેમાં તેમણે ૧૯૬૦ ની ૧ મે એ સફળતા મળેલી. પરંમપૂજય રવિશંકર મહારાજના વરદ હસ્તે સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે રાજયનો ઉદઘાટન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અને પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડો. જીવરાજ મહેતાએ રાજયની ધૂરા સંભાળેલી. ત્યારબાદ આવેલા તમામ મુખ્યમંત્રીઓ ધ્વારા આજદિન સુધી ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.




પ્રથમવાર સુરત શહેરના આંગણે સફાઈ કામદારોની વિશાળ હાજરીમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજયના ગવર્નર આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને ૬૬ માં ગુજરાત ગૌરવદિવસની ઉજવણી વાય-જંકશન સુરત ખાતે કરવામાં આવેલી. જે ગુજરાતની સમગ્ર જનતા માટે આનંદ અને ગૌરવની વાત છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રીએ સફાઈ કર્મચારીઓની વિશાળ ઉપસ્થિતિમાં જે કાર્યક્રમ યોજવામાં આવેલો હતો તે બદલ તેઓ અને સમગ્ર સફાઈ કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે. ગુજરાત રાજયના ગૌરવવંતા સ્થાપના દિવસની ઉજવણી સફાઈ કર્મચારીઓની હાજરીમાં કરી ગુજરાત રાજયના મુખ્યમંત્રીએ સફાઈ કર્મચારીઓને ગૌરવ અપાવ્યું છે. સુરતના આંગણે યોજવામાં આવેલ આ ગૌરવવંતા દિવસની ઉજવણી બદલ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોને તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત સફાઈ કર્મચારીઓને ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, પ્રદેશ ઉપપ્રમુખ છગનલાલ ડી. મેવાડા, મહામંત્રી સૈયદભાઈ શેખ, કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી કાંતિભાઈ સોલંકી, મહામંત્રી શ્યામભાઈ તેનિયા, મહામંત્રી રવિભાઈ સુરતી વિગેરેએ અભિનંદન પાઠવ્યા છે.

### ભારતનું મીડિયા બિનસત્તાવાર કટોકટીની સ્થિતિમાં છે?

## ૨૦૨૬ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેકસમાં ભારત ૧૫૭માં ક્રમે છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

૩૦ એપ્રિલના રોજ જાહેર કરાયેલા ૨૦૨૬ ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત ૧૮૦ દેશોમાં ૧૫૭ માં ક્રમે છે. ૨૦૨૫ માં ભારત ૧૫૧ માં ક્રમે હતું. જે છ સ્થાન નીચે હતું. રિપોર્ટસ સાન્સ ફ્ન્ટીઅર્સ (RSF) નામના પત્રકારત્વ નિરીક્ષક સંસ્થાએ જણાવ્યું હતું કે તેના સૂચકાંકમાં સમાવિષ્ટ તમામ ૧૮૦ દેશો અને પ્રદેશોનો સરેરાશ સ્કોર છેલ્લા ૨૫ વર્ષમાં ક્યારેય આટલો નીચે રહ્યો નથી.

ઈન્ડેકસના ઈતિહાસમાં પહેલીવાર વિશ્વના અડધાથી વધુ દેશો હવે પ્રેસ સ્વતંત્રતાની "ગંભીર" અથવા "ખૂબ જ ગંભીર" શ્રેણીમાં આવે છે. નોર્વે, નેધરલેન્ડ્સ, એસ્ટોનિયા, ડેનમાર્ક અને સ્વીડન ઈન્ડેક્સમાં ટોચ પર છે. સઉદી અરેબિયા, ઈરાન, ચીન. ઉત્તર કોરિયા, અને એરિટ્રિયા તળિયે છે.

RSF (રિપોર્ટ્સ સાન્સ ફ્રેન્ટિઅર્સ) અનુસાર આ વિશ્લેષણ વિશ્વના ઘણા ભાગોમાં પત્રકારત્વની સ્થિતિમાં ચિંતાજનક બગાડ દર્શાવે છે. કેટલાક સ્થળોએ મર્યાદિત સુધારાઓ હોવા છતાં ૧૮૦ દેશોમાંથી ૧૦૦ દેશોમાં પ્રેસ સ્વતંત્રતાના સ્કોરમાં ઘટાડો થયો છે. કાયદેસરતા સૂચકાંડમાં ગયા વર્ષે સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે જે દર્શાવે છે કે વિશ્વભરમાં પત્રકારત્વને ગુના તરીકે જોવામાં આવી રહ્યું છે. અમેરિકામાં પણ પરિસ્થિતિ નકારાત્મક રીતે બદલાઈ ગઈ છે. યુનાઈટેડ સ્ટેટ્સ સાત સ્થાન નીચે સરકી ગયું છે. અને ઘણા લેટિન અમેરિકન દેશો હિંસા અને દમન ના ચક્રમાં વધુને વધુ ફસાઈ રહ્યા છે.

RSF ભારતમાં પ્રેસ સ્વતંત્રતા ના સંકટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના પક્ષની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. અને કહે છેઃ પત્રકારો સામે વધતી હિંસા, મીડિયા માલિકીનું વધુ પડતું કેન્દ્રીકરણ અને ચોક્કસ રાજકીય વિચારધારા પ્રત્યે વધુને વધુ પક્ષપાતી મીડિયા સંસ્થાઓ આ બધાએ "વિશ્વના સૌથી મોટા લોકશાહી" માં પ્રેસ સ્વતંત્રતા ને ખતમ કરી દીધી છે.

૨૦૧૪ થી દેશ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતા અને હિન્દુ રાષ્ટ્રવાદી જમણેરી વિચારધારા ના પ્રતીક, વડાપ્રધાન મોદી દ્વારા શાસન કરવામાં આવ્યું છે. આમ સરકારો મીડિયા ને દબાવવા માટે વસાહતી યુગના કાયદાઓ જેમકે રાજદ્રોહ, માનહાનિ અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંબંધિત- નો ઉપયોગ કરવામાં ક્યારેય સંકોચ કરતી નથી. અને આતંકવાદ વિરોધી કાયદાઓનો ઉપયોગ પત્રકારો સામે વધુને વધુ થઈ રહ્યો છે.

## દાહોદમાં ભાજપના વિકાસે વાળ્યુ રાજકીય વેર : ભાજપના ઉમેદવાર હારતા સરકારી ગ્રાન્ટમાંથી નાખેલી સોલાર લાઈટો ઉતારીને લઈ ગયા

પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કદવાલ ગામમાં ચુંટણી પરીણામ બાદ રાજકીય તંગદીલીનો માહોલ ઉભો થયો છે. કદવાલ-૨ બેઠક પરથી થયેલી ચુંટણીમાં પરીણામ જાહેર થતા જ ગામમાં વિવાદ ચરમસીમાએ પહોચ્યો હોવાનુ બહાર આવ્યુ છે.

મળતી માહિતી અનુસાર ઝાલોદના કદવાલ-૨ બેઠક પર ભાજપના ઉમેદવાર સુમિત્રાબેન વસૈયાની હાર થઈ હતી. સુમિત્રાબેનની હાર થતા જ તેમના સમર્થકો રોષે ભરાયા હતા. તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર પ્રકાશ નિસરતાની જીત થતા જ ગામમાં અચાનક ચકચાર મચી જવા પામી હતી. આરોપ એવો લાગ્યો છે કે વિકાસના બીજ રોપનારી રાજકીય પાર્ટી ભાજપ હાર પચાવી ન શકતા, કિન્નાખોરી દાખવવામાં આવી છે, કેટલાક લોકોએ ગામમાં સરકારી ગ્રાન્ટ હેઠળ લગાડવામાં આવેલી સોલાર સ્ટ્રીટ લાઈટો ઉતારી લીધી હતી. આ લાઈટો ગાડીમાં ભરીને લઈ જવામાં આવી હોવાનો વિડીયો પણ વાયરલ થયો હતો. જેના કારણે ગામના કેટલાક વિસ્તારોમાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો.



ઘટનાના વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા જ મામલો વધુ ગરમાયો હતો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ આ ઘટનાને લોકસેવાના સાધનો સાથે ચેડા ગણાવી, વહિવટી તંત્ર પાસે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સ્થાનિક લોકોનુ કહેવુ છે કે ચુંટણીમાં હારનો બદલો જનતાની સુવિધાઓ છીનવી લેવો તે કેટલાક અંશે યોગ્ય છે ? આવા કૃત્યો સામે કડક પગલા લેવા જોઈએ. હાલમાં સમગ્ર મામલે પ્રશાસન શું કાર્યવાહી કરે છે તે જોવાનુ રહેશે પરંતુ ઘટનાએ ગામમાં રાજકીય તણાવ વધારી દીધો છે.

## ગુજરાત એસટીએ ખાનગી એજન્સી પાસેથી ૨ હજાર ડ્રાઈવર-કંડકટરોની ભરતીની તજવીજ હાથ ધરતા યુનિયનો ભડકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

જો ખાનગી કંપનીના કર્મચારીઓની ભરતી થશે તો રાજયવ્યાપી આંદોલનની યુનિયનોએ આપી ચીમકી સાથે એમડી ને નોટીસ પાઠવી, છેલ્લા કેટલાક વરસોથી એસટી નિગમમાં વિવિધ સેવાઓનુ ખાનગીકરણ થઈ રહ્યુ છે. હાલમાં ચાલતી વોલ્વો-લકઝરી સહિતની પ્રિમિયમ સર્વિસોનો કોન્ટ્રાકટ પણ જુદી જુદી ખાનગી ટ્રાવેલ્સ કંપનીઓને અપાયેલો છે. ત્યારે હવે એસટી નિગમના સત્તાવાળાઓએ ડ્રાઈવર-કંડકટરોની ઘટ ને કારણે રાજયભરમાં ૨૫ ટકા થી વધુ કેન્સેલેશન માં ઘટાડો કરવા ખાનગી એજન્સી મારફતે ૨ હજાર થી વધુ ડ્રાઈવર-કંડકટરોને ભરતી કરવા તજવીજ હાથ ધરી છે. ત્યારે નિગમના સત્તાવાળાઓના આ વધુ એક ખાનગીકરણના નિર્ણય સામે એસટીના માન્ય ૩ કર્મચારીઓ યુનિયનોએ વિરોધ નો વંટોળ ઉભો કર્યો છે અને એમ ડી સાથે યોજાયેલી બેઠકનો બહિષ્કાર કરી જો નિગમ ખાનગી ધોરણે ડ્રાઈવર કંડકટરોની ભરતી કરશે તો યુનિયનો હડતાલનો




માર્ગ અપનાવશે તેવી નોટીસ પણ નિગમના એમડી ને પાઠવવામાં આવી છે.

નિગમને પાઠવેલી નોટીસમાં યુનિયનોએ એમડી ને સંબોધીને જણાવ્યુ છે કે હાલ નિગમ ખાતે ડ્રાઈવર- કંડકટરની ભરતી પ્રક્રિયા ખુબ જ જટીલ છે તેને સરળ બનાવવી જોઈએ, રાજયના જુદા જુદા (વિભાગ) વાઈઝ ડ્રાઈવર/કંડકટરની ભરતી કરવી જોઈએ. શૈક્ષણિક લાયકાત કરતા ડ્રાઈવીંગ સ્કેલને વધુ મહત્વ આપવુ જોઈએ, સરકારમાંથી નિગમના કુલ ડ્રાઈવર/કંડકટરની જગ્યામાં લીવ રીઝર્વ સ્ટાફ રેશિયો ગણતરીમાં લઈ મંજુરી માંગવી જોઈએ, નિગમના જુદા જુદા રૂટ પૈકી સમાંતર સંચાલન બાબતે સમિક્ષા કરી યોગ્ય કાર્યવાહી થવી જોઈએ. તથા જેનુ સ્વાસ્થ્ય સારૂ છે ફરજ માટે ફીટ છે અને જેવો ફરજ બજાવવા ઈચ્છુક છે તેવા નિગમના નિવૃત્ત ડ્રાઈવર/ કંડકટરને પુનઃ કોન્ટ્રાકટ બેઈઝ ઉપર (કરાર આધારીત) નોકરી ઉપર લેવા જોઈએ. હાલ જે ડ્રાઈવર / કંડકટર ફરજ ઉપર છે તેવા પૈકીના જે કર્મચારી ડબલ ડયુટી કરવા ઈચ્છુક હોય તેવા કર્મચારીઓ પાસેથી ડબલ ડયુટી ફરજો લેવા અને તેઓને નવીન સુધારેલ દરે ઓવરટાઈમ ચુકવવો જોઈએ, જેથી કેન્સેલેશનમાં મર્યાદીત સમય માટે કોન્ટ્રાકટ બેઈઝ ઉપર લેવાની ચર્ચા કરેલ, પરંતુ આવી ભરતી કરવાની નિગમમાં ફરજ બજાવતા કાયમી કર્મચારી અને ખાનગી એજન્સી મારફત (આઉટસોર્સિંગ ) થી લેવાયેલ કંડકટર કક્ષાના કર્મચારી સીધી જ રીતે નાણાંકીય ગેરરીતી થવાની સંભાવના છે. અકસ્માતના કિસ્સામાં નિગમ ઉપર નાણાંકીય ભારણ વધવાની શકયતા, મુસાફરોની સુવિધા બાબતે પણ પ્રશ્નાર્થ સર્જાવવાની શકયતા, મુસાફરોની ફરીયાદ વધવાની શકયતા, મુસાફરોની સુવિધા બાબતે પણ પ્રશ્નાર્થ સર્જાવવાની શકયતા તેમજ તાજેતરમાં અન્ય રાજયોમાં મહિલાઓ ઉપર બનેલ અત્યાચાર ના બનાવો ધ્યાને લેતા મહિલા મુસાફરો તથા નિગમમાં ફરજ બજાવતા મહિલા કંડકટર સાથે આવા કોઈ અનિચ્છિનિય બનાવ બનવાની શકયતા વગેરે બાબતો ધ્યાને લેતા આવી રીતે ખાનગી એજન્સી મારફતે (આઉટસોર્સિંગ)થી ડ્રાઈવર-કંડકટર કક્ષાના કર્મચારીઓ લેવાની બાબતે પુનઃ વિચારણા જરૂરી છે.

## જુનાગઢમાં જાહેર પ્રસંગમાં દલીતોને અલગ બેસાડયાઃ મંદિરમાં પ્રવેશ અટકાવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના જુનાગઢમાંથી એક ચોંકાવનારી ઘટના બનવા પામી છે.વિસાવદર તાલુકાના ભુતડી ગામના કેટલાક દલીત યુવાનોએ અન્ય જાતીના લોકો પર અસ્પૃશ્યતા પાળવાનો આરોપ લગાવ્યો છે. ગામમાં ભગવાન રામને સમર્પિત એક મંદિરનુ પવિત્રીકરણ થવાનુ હતુ, કેટલાક વ્યકિતઓ પર દલીતોને અપમાનજનક અને શરતી આમંત્રણો આપવાનો આરોપ છે, આમંત્રણ પત્રિકાઓમાં દલીતોને પોતાની થાળી અને ગ્લાસ લાવવાનુ કહેવામાં આવ્યુ હોવાનુ કહેવાય છે, તેમને અલગથી તૈયાર કરેલુ ભોજન ખાવા માટે અલગથી બેસવાનુ પણ કહેવામાં આવ્યુ હતું. તેમને મંદિરમાં પ્રવેશતા પણ રોકવામાં આવ્યા હતા. પોલીસે હવે આ મામલે ૫ લોકો વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો છે.

### પુનઃ મિલન અને રાત્રી ભોજન રદ કરાયું : આયોજકોએ શરતી આમંત્રણ આપ્યું : દલીતોને પોતાના વાસણો ઘરેથી લાવવાનુ કહેવામાં આવ્યુ હતું



અહેવાલ અનુસાર નાયબ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ પરમારે જણાવ્યુ હતુ કે અમે શરૂઆતમાં ફરીયાદી અને અન્ય સાક્ષીઓના નિવેદનો નોંધ્યા છે. આ કેસ બંને પક્ષોના દાવાઓ પર આધારીત છે, જયારે પ્રતિષ્ઠા સમારોહ બુધવારે યોજાયો હતો. ત્યારે ગ્રામ પુનઃ મિલન અને રાત્રી ભોજન રદ કરવામાં આવ્યુ હતું, અમે બીએનએસ ની કલમ-૩૫(૩) હેઠળ તમામ આરોપીઓને નોટીસ જારી કરી છે. જેમાં તેમને પોલીસ સમક્ષ હાજર થવા અને તેમના નિવેદનો આપવાનુ કહેવામાં આવ્યુ છે. અમે એ પણ નકકી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે આ કેસમાં કોઈ ડીઝીટલ પુરાવા ઉપલબ્ધ છે કે નહી,

અજય બોરીચાની ફરીયાદના આધારે વિસાવદર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, અજય બોરીચાએ દાવો કર્યો હતો કે ૨૭ એપ્રિલના રોજ સાંજે ૫ વાગે ગામમાં અનુસુચિત જાતિ સમુદાયના ઘણા સભ્યો હાજર હતા.ત્યારે તેમને અપમાનજનક અને શરતી આમંત્રણ આપવામાં આવ્યુ હતું. ૨૭ એપ્રિલના રોજ સાંજે ૫ વાગે પાંચ આયોજકો અમારી શેરીમાં આવ્યા હતા. જયાં અમારા સમુદાયના ૧૦ લોકો બેઠા હતા. આયોજકોએ એમને કહ્યુ હતુ કે ૨૯ એપ્રિલના રોજ સાંજે રાત્રી ભોજનનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. અજય બોરીચાએ દાવો કર્યો હતો કે આયોજકોએ તેમને કહ્યુ હતુ કે અમે તમને મંદિરના અભિષેક સમારોહ માટે રાત્રી ભોજન માટે આમંત્રણ આપી રહ્યા છીએ. પરંતુ તમારે અન્ય જાતિના લોકો ખાધા પછી આવવુ જોઈએ અને તમારે બધાએ તમારા પોતાના વાસણો ઘરેથી લાવવા જોઈએ, તમારે તમારી પોતાની પ્લેટો અને બાઉલ લાવવા જોઈએ, તમારા ખોરાક અને પાણી માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે, આયોજકોના આમંત્રણ બાદ દલીત સમુદાયના ઘણા સભ્યો ૨૮ એપ્રિલના રોજ વિસાવદર પોલીસ સ્ટેશનમાં જઈ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદને પાછળથી એફઆઈઆરમાં રૂપાંતરીત કરવામાં આવી, સમગ્ર તપાસ જુનાગઢ પોલીસના એસસી / એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ પરમારને સોંપવામાં આવી છે. પાંચ આયોજકોમાં બાબુ ઉકા હપાણી, નરેન્દ્ર ભાણજી સિરોયા, રમણીક સામજી સોરઠીયા, અતુલ ભીખા સિરોયા અને ફુલા પોપટ સિરોયાનો સમાવેશ થાય છે. આ બધા વિરૂધ્ધ એસસી /એસટી એકટ અને બીએનએસ એકટની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

## કોર્પોરેટરોના મહિને રૂ.૧૫ હજારના વેતન શરૂ થશેઃ સસ્તા ટેલીકોમ યુગમાં પણ મહિને રૂ.૧ હજાર મોબાઈલ ભથ્થું

પ્રતિનિધિ,ગાંધીનગર

મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં ચુંટાયેલા નવા ૭૨ નગરસેવકોના નામ સાથેનુ ગેઝેટ ગઈ કાલે સરકારે પ્રસિધ્ધ કરી લીધુ છે. આ સાથે જ હવે બે દિવસમાં જનરલ બોર્ડ બોલાવવા એજન્ડા પ્રસિધ્ધ થાય તેમ છે. ૮ દિવસ બાદ નવા કોર્પોરેટરો પદ સંભાળે તે સાથે મહિને ૭૨ કોર્પોરેટરોને ૧૫-૧૫ હજારનુ વેતન અને ભથ્થું શરૂ થઈ જશે,

રાજકારણમાં આવવાનો હેતુ કમાણી નહી પરંતુ સેવા હોવો જોઈએ એવુ તમામ પક્ષના નેતાઓ અવાર-નવાર પ્રવચનમાં બોલતા હોય છે. પરંતુ થોડા વરસો અગાઉ માનદ વેતનમાં પણ બધા શહેરોમાં શાસકો-વિપક્ષોએ મળીને વધારો મંજુર કરી દીધો હતો. રાજકોટમાં દર મહિને દરેક કોર્પોરેટરને ફીકસ રૂપીયા ૧૨ હજાર માનદ વેતન આપવામાં આવે છે, સ્ટેશનરી ખર્ચ રૂપીયા ૧૫૦૦, મોબાઈલ ખર્ચ રૂપીયા ૧ હજાર, પ્રતિ મીટીંગ રૂપીયા ૫૦૦(મીટીગની સંખ્યાની મર્યાદા) મળી મહિને રૂપીયા ૧૪૫૦૦ થી ૧૫ હજાર તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. જો કે હવે મોબાઈલ ડેટા પ્લાન ખુબ શસ્તા છે, બીએસએનએલ જેવી કંપની તો રૂપીયા ૨ હજારથી ૨૨૦૦ માં પુરા વર્ષના પ્લાન આપે છે, અન્ય કંપનીઓ પણ સ્પર્ધાત્મક ભાવોની ઓફર સરકારી કચેરીઓ માટે કરે છે, પરંતુ સરકાર થી માંડી કોર્પોરેશન જેવી કચેરીમાં ચુંટાયેલા લોકોને વર્ષ ૧૨ હજારનો મોબાઈલ ખર્ચ થાય છે. તે ઉલ્લેખનીય છે, ઉપરાંત ગત વર્ષથી નગરસેવકોની ગ્રાન્ટમાં પણ વધારો કરાયો છે. હવે પ્રતિ કોર્પોરેટર ૨૦ લાખ લેખે વર્ષે એક વોર્ડ માં રૂપીયા ૮૦ લાખની ગ્રાન્ટ નગરસેવકો વાપરીને લોક ઉપયોગી કામ કરી શકે છે, મેયર, ડે.મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને વરસે સૌથી વધુ ૧૮-૧૮ લાખ ની ગ્રાન્ટ મળે છે, તો વિપક્ષી નેતાને પણ ગ્રાન્ટ વધારીને રૂપીયા ૮ લાખ કરવામાં આવી છે. આ રીતે લોકોએ ચુંટેલા નગરસેવકોનુ પગાર જેવુ માનદ વેતન આવતા મહિને થી ફરતુ થઈ જશે. એટલે કે વરસે રૂપીયા ૧.૨૫ કરોડ જેટલુ વેતન બંને પક્ષના કોર્પોરેટરોને મળશે.

## ગુજરાતમાં આગામી ૮ જુન થી ૧૫ જુન વચ્ચે ચોમાસુ બેસી શકે છેઃ ચોમાસુ સારૂ રહેવાની શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

કાળઝાળ ગરમી અને બફારા વચ્ચે હવે સૌ કોઈની નજર આકાશ તરફ મંડાયેલી છે કે મેઘરાજા કયારે પધારશે ? વર્ષ ૨૦૨૬ ના ચોમાસાને લઈને બે મોટા અંદાજ બહાર આવ્યા છે. એક તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે સારા ચોમાસાની આશા જગાવી છે. તો બીજી તરફ હવામાન વિભાગે અલ નીનો ની અસરને પગલે સાવચેત રહેવા સંકેત આપ્યા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ચાલુ વરસે ચોમાસુ સારૂ રહેવાની શકયતા છે, જેમાં ૮ જુન થી ૧૫ જુન વચ્ચે ચોમાસાનુ વિધિવત આગમન થઈ શકે છે, જુન અને ઓગસ્ટ મહિનામાં રાજયમાં શ્રેષ્ઠ વરસાદ રહેવાની આશા છે. પરંતુ મે મહિનો પડકારજનક સાબિત થઈ શકે છે,કારણ કે મે મહિનાના મધ્યમાં કાળી આંધી અને વાવાઝોડાની શકયતા છે. વધુમાં ૧૫ મે બાદ બંગાળની ખાડીમાં ચક્રવાત સર્જાઈ શકે છે અને ૨૩ મે ની આસપાસ દરીયામાં ઉંચા મોજા ઉછળી શકે છે, હવામાન વિભાગના મતે આ વરસે પ્રશાંત મહાસાગરમાં અલ નીનો મજબુત થવાને કારણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ થોડુ નબળુ પડી શકે છે. જો કે મે મહિનાના અંત સુધીમાં પ્રિ-મોન્સુન એકિટવિટી સંપૂર્ણ સક્રિય થશે અને હીટ ડોમ વેધર પેટર્નને કારણે ગરમી વધશે, પરંતુ વચ્ચે વચ્ચે વરસાદી ઝાપટા ગરમીથી રાહત આપશે. ચોમાસાના રૂટની વાત કરીએ તો અંદાજે ૧૮ થી



૨૦ મે ના રોજ અંદામાનમાં અને ૧ જુન સુધીમાં કેરળમાં ચોમાસુ બેસી જશે, ત્યારબાદ ૧૫ થી ૨૦ જુન વચ્ચે મધ્ય ભારતમાં પહોચશે, જો કે આ વરસે વરસાદ સામાન્ય કરતા ઓછો રહેવાનો અંદાજ છે. પરંતુ અંબાલાલ પટેલની આગાહી મુજબ જુન મહિનામાં સમયસર વરસાદ થવાથી વાવણીની પ્રક્રિયામાં વેગ આવી શકે છે. મે મહિનામાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ ને કારણે રાજયના કેટલાક ભાગોમાં કરા સાથે વરસાદની પણ શકયતા છે. જેનાથી ખેતીના પાકને સાચવવાની સલાહ અપાઈ છે. દરમિયાન ગુજરાતમાં ઉનાળાની તીવ્ર ગરમી હજુ પણ કાયમ છે. આજે રાજયના મોટાભાગના શહેરોમાં તાપમાને ૪૦ ડીગ્રી સેલ્સિયશનો પાર કરી લીધો છે. જેના કારણે હીટવેવ જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.

## મુંદ્રા બંદરે સિંગાપોરથી આવેલું નકલી સિગારેટનું કન્ટેનર ઝડપાયુંઃ DRIએ ૧૯.૮૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

ગુજરાતના મુંદ્રા બંદરેથી ફરી એકવાર મોટા પાયે થતી દાણચોરીનો પર્દાફાશ થયો છે. DRI (ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ) એ એક ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને સિંગાપોરથી આયાત કરાયેલા કન્ટેનરમાંથી અંદાજે ૧૯.૮૭ કરોડની કિંમતની નકલી સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ કન્ટેનર માટે કોઈ પણ સત્તાવાર 'બિલ ઓફ એન્ટ્રી' રજૂ કરવામાં આવી નહોતી. દસ્તાવેજોના અભાવે શંકા જતાં જ્યારે કન્ટેનરની તલાશી લેવામાં આવી, ત્યારે તેમાંથી કુલ ૮૨,૮૦,૦૦૦ નકલી સિગારેટની સ્ટિક્સ મળી આવી હતી. DRI એ આ તમામ મુદ્દામાલ જપ્ત કરીને કસ્ટમ્સ એક્ટ હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિંગાપોર જેવા દેશમાંથી આટલી મોટી માત્રામાં નકલી સિગારેટનો જથ્થો મુંદ્રા પોર્ટ પર ઉતરતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ રેકેટ સક્રિય હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલ DRI એ સિગારેટના આ જથ્થાને કોણે મંગાવ્યો હતો અને તે ક્યાં મોકલવાનો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.